અપીલ અરજી નં.૧૫૬ તા.૯–૮–૧૦/૧૧

અરજદાર:– શ્રી રમેશભાઈ રવજીભાઈ ઠુમ્મર
સામાવાળા:– આસી. કમિ.શ્નર(ફા.) અને જાહેર માહિતી અધિકારી (હિસાબીખાતુ)

**ફરીયાદની હકીકત:–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશભાઈ રવજીભાઈ ઠુમ્મરની તા.૨૭–૭–૧૦ની અરજીથી (૧)વોર્ડ નં.૮ કરંજ (પૂર્વ શ્રીજીનગર )નાં ત્રણે કોર્પોરેટરશ્રી ધ્વારા વોર્ડ નં.૮ માં સમાવિષ્ટ સોસાયટીના તેમજપૂર્વઝોનને લગતા પ્રશ્નો અંગે બોર્ડમાં ત્રણે કોર્પોરેટરશ્રીઓ ધ્વારા પર્ટીકયુલર બોર્ડમાં પુછેલાં પ્રશ્નોના અહેવાલ આપવા બાબત. (૨)વોર્ડ નં.૮ નાં ત્રણે કોર્પો.શ્રીઓ ધ્વારા વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૦ દરમ્યાન ગ્રાન્ટમાંથી કઈ કઈ સોસાયટીને ગ્રાન્ટ ફાળવી છે તે તેમજ કેટલી કેટલી ફાળવી છે તેનો લેખિત અહેવાલ આપવા ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૯–૮–૧૦ ની **SMC/FAP/** નં.૧૫૬/૨૦૧૦–૧૧

શ્રી રમેશભાઈ રવજીભાઈ ઠુમ્મરની તા.૨૭–૭–૧૦ની અરજીથી (૧) વોર્ડ નં.૮ કરંજ (પૂર્વ શ્રીજીનગર )નાં ત્રણે કોર્પોરેટરશ્રી ધ્વારા વોર્ડ નં.૮ માં સમાવિષ્ટ સોસાયટીના તેમજ પૂર્વઝોનને લગતા પ્રશ્નો અંગે બોર્ડમાં ત્રણે કોર્પોરેટરશ્રીઓ ધ્વારા પર્ટીકયુલર બોર્ડમાં પુછેલાં પ્રશ્નોના અહેવાલ આપવા બાબત. (૨)વોર્ડ નં.૮ નાં ત્રણે કોર્પો.શ્રીઓ ધ્વારા વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૦ દરમ્યાન ગ્રાન્ટમાંથી કઈ કઈ સોસાયટીને ગ્રાન્ટ ફાળવી છે તે તેમજ કેટલી કેટલી ફાળવી છે તેનો લેખિત અહેવાલ આપવાની માહિતી આપવા બાબતે આપેલ માહિતી અધુરી તથા ક્રમાંક–૧ નો જવાબ આપેલ નહીં હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૮–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

અરજદારની તા.૨૭–૭–૧૦ ના રોજ જાહેર માહિતી અધિકારી મુખ્ય હિસાબનીશને સંબોધતી અરજી વરાછાઝોન ખાતે આપવામાં આવેલ. વરાછાઝોનના કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.આરટીઆઈ સેલ/ આ.નં.૨૮૭ તા.૨૮–૭–૧૦ થી મ. જાહેર માહિતી અધિકારી અને ચીફ એકા. તથા સેક્રેટરીશ્રી મુખ્ય કચેરી સુરત મહાનગરપાલિકાને સંપૂર્ણ રીતે તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને મ. જાહેર માહિતી અધિકારી હિસાબનીશ તરફથી પત્ર નં.એકા./એસઆર/૨૪૯ તા.૩૧–૭–૧૦ થી હિસાબીખાતાને લગતી માહિતીના પાના નંગ–૨૦ દરેક પાના દીઠ રૂા. ૨/– લેખે રૂા.૪૦/– સુરત મહાનગરપાલિકામાં જમા કરાવી રસીદની નકલ રજૂ કર્યેથી માહિતી આપવા જણાવેલ. જે અરજદારે સ્ક્રોલ નં.૫૦૦/૩૮થી ઓગષ્ટ–૧૦ માં જમા કરાવેલ છે. જેના સંદર્ભે પત્ર નં.એકા./એસઆર/૨૫૯૮ તા.૫–૮–૧૦ થી પાના નંગ–૨૦ હિસાબીખાતા ધ્વારા આપવા જોગ માહિતી સદર પત્રથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે અપીલ અરજીના અનુસંધાને મને કોઈ નિર્ણય ન મળ્યો હોવાથી અને મુખ્ય હિસાબનીશ જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થઈ બે જવાબ માંગેલ તેમાંથી ક્રમાંક નં.૧ નો જવાબ આપેલ નથી અને અધૂરો જવાબ આપેલ છે વોર્ડ નં.૮ (કરંજ)ના ત્રણે કોર્પોરેટરો ધ્વારા (૨૦૦૫ થી ૨૦૧૦) દરમ્યાન મળેલા બોર્ડ નં.૮ ના પ્રશ્નો તેમજ પૂર્વઝોનને લગતા પ્રશ્નો બાબતે બોર્ડમાં પર્ટીકયુલર કેટલી વખત પ્રશ્ન ઉઠાવેલ તેની વિગત આપવા બાબતે અપીલ અરજી કરેલ છે. અરજદારના અપીલમાં જણાવેલ મુદ્દા ક્રમાંક ૧ અંગે જાહેર માહિતી અધિકારી સેક્રેટરી વિભાગને તબદીલ થયેલ તથા અરજદારની તે મુદ્દાની અપીલ અંગે અપીલ અરજી અરજદારની જાણ હેઠળ અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/આ.નં.૫૯૮ તા.૧૨–૮–૧૦ થી અપીલ અધિકારી અને સેક્રેટરીને તબદીલ કરવામાં આવેલ છે. જે અંગે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૬૦૫ તા.૧૩–૮–૧૦ થી " આરટીઆઈ એકટની કલમ ૧૯(૧) હેઠળ મુળ અરજીથી માંગેલ માહિતી દિન–૩૦ની અવધિમાં ન મળે ત્યારે દિન–૩૦ ની અવધિમાં તથા મળેલ માહિતિના કિસ્સામાં મળ્યા તારીખથી દિન–૩૦ ની અવધિમાં પ્રથમ અપીલની જોગવાઈ હોઈ તે મુજબ અપીલનું કારણ ઉત્પન થયે જ અપીલ કરવામાં આવે. આપે મુદ્દા નં.૧ ની માહિતી અંગે જ અપીલ કરેલ હોઈ તે કિસ્સામાં જોગવાઈ અનુસાર અપીલ કરવા આપ સ્વતંત્ર છો. અત્રે જાહેર માહિતી અધિકારી હિસાબી તરફથી મળેલ આપની અરજીની નકલ જોતાં મુદ્દા નં.૨ની માહિતી અંગે કોઈ તકરાર કરેલ ન હોઈ તે મુદ્દા પરત્વે અપીલનું કારણ ઉત્પન થતું ન હોઈ આપની અરજી દફતરે કરવામાં આવે છે. " તેવું અરજદારને જણાવવામાં આવેલ.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૭–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે તેમની મુળ અરજીના મુદ્દા નં.૨ અંગે કરવામાં આવેલ અપીલ સમય અવધિ પહેલાની હોવા છતાં અપીલ તબકકે મુદ્દા નં.૨ ની માહિતી જાહેર માહિતી અધિકારી હિસાબી તરફથી અરજદારને માહિતી પૂરી પડાયેલ હોઈ તે અંગે અપીલમાં વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી જયારે મુદ્દા નં.૨ ના અપીલ અધિકારી સેક્રેટરી સુ.મ.ન.પા. હોઈ અને તેમને અપીલ તબદીલ કરવામાં આવેલ હોય અત્રેથી અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર(સ્પે)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) આસી. કમિશ્નર(ફા.) અને જાહેર માહિતી અધિકારી (હિસાબીખાતુ)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશભાઈ રવજીભાઈ ઠુમ્મર